## હું નાણાકીય સહાય માટે કેવી રીતે અરજી કરી શકું?

પગલું 1: **અરજી ફોર્મની વિનંતી કરો.**

આ ફોર્મ geisinger.orgની મુલાકાત લઈને અથવા **800-640-4206** પર કૉલ કરીને વિના મૂલ્યે ઉપલબ્ધ છે.
તમામ Geisinger ક્લિનિક્સ અને હોસ્પિટલ ઇમરજન્સી વિભાગો અને પ્રવેશ વિસ્તારો પર પણ ફોર્મ ઉપલબ્ધ છે.

પગલું 2: **ફોર્મ ભરો અને પરત કરો.**

એકવાર તમે અરજી પૂર્ણ કરી લો તે પછી, અહીં મેઇલ કરો:

Geisinger Uncompensated Care Services
100 N. Academy Ave.
Danville, PA 17822-4938

પગલું 3: **અમે તમારી અરજીની સમીક્ષા કરીએ છીએ.**

આ બ્રોશરમાં દર્શાવેલ માર્ગદર્શિકા અનુસાર તમે સહાય માટે લાયક છો કે નહીં તે નક્કી કરવા માટે અમે તમારી અરજીની સમીક્ષા કરીશું. અમે તમને હોય શકે તેવા કોઈપણ ખાસ સંજોગોને ધ્યાનમાં લઈશું.

પગલું 4: **તમને નિર્ણય મળે છે.**

તમને લેખિત નિર્ણય તરત જ પ્રાપ્ત થશે, સામાન્ય રીતે અરજી કર્યાના 30 દિવસની અંદર. જો તમને સહાયનો ઇનકાર કરવામાં આવે છે, તો અમે તેનું કારણ સમજાવીશું. આ નિર્ણય ચુકવણી યોજના કેવી રીતે સેટ કરવી તે પણ સમજાવશે.

*નાણાકીય સહાય માટેની તમામ અરજીઓ ગુપ્ત છે. માહિતી ફક્ત તે લોકો સાથે શેર કરવામાં આવે છે જેઓ તમારી પાત્રતા નક્કી કરે છે.*

*નાણાકીય સહાય ફોર્મ અરબી, અંગ્રેજી, ચીની, નેપાળી, સ્પેનિશ અને વિએતનામીઝમાં ઉપલબ્ધ છે.*

Geisinger ની નાણાકીય સહાય નીતિઓ વિશે વધુ જાણવા માટે અથવા અરજી કરવા માટે, geisinger.orgની મુલાકાત લો અથવા **800-640-4206** પર કૉલ કરો. જો અમને તમારી પાસેથી કોઈ અરજી પ્રાપ્ત થતી નથી, તો તમે નાણાકીય સહાય માટે પાત્ર છો કે નહીં તે જાણવા માટે Geisinger અનુમાનિત વિશ્લેષણાત્મક સાધનોનો ઉપયોગ કરી શકે છે.

873252-2/23

# નાણાકીય સહાય

## અમે મદદ કરી શકીએ છીએ



Geisinger

## સંભાળ માટે પ્રતિબદ્ધ

જ્યારે તમને તબીબી રીતે જરૂરી આરોગ્યસંભાળની જરૂર હોય, ત્યારે તમને તે મળવી જોઈએ – તમારી ચુકવણી કરવાની ક્ષમતાને ધ્યાનમાં લીધા વિના. આ બ્રોશર Geisinger ની નાણાકીય સહાય નીતિ અને સહાય માટે ની લાયકાત શું હોવી જોઈએ અને અરજી કેવી રીતે કરવી તે સમજાવે છે.

## અમારી નાણાકીય સહાય નીતિ

- તમારા નાણાકીય સંજોગો તમને મળેલી સંભાળને અસર કરશે નહીં. દરેક વ્યક્તિ સાથે આદર અને ન્યાયીપણાથી વર્તન કરવામાં આવે છે.
- તબીબી રીતે જરૂરી સંભાળ માટે સહાય ઉપલબ્ધ છે. તમે કોઈપણ સમયે અરજી કરી શકો છો – તમારી સંભાળ પહેલાં, દરમિયાન અથવા પછી.
- જો તમારી પાસે કોઈ સ્વાસ્થ્ય વીમો અથવા મર્યાદિત વીમા લાભો અને/અથવા મર્યાદિત નાણાકીય સંસાધનો નથી, તો તમે સહાય માટે પાત્ર હોઈ શકો છો. વીમા વિનાના દર્દીઓએ પેન્સિલવેનિયા તબીબી સહાય (Pennsylvania Medical Assistance) માટે અરજી કરવી જરૂરી છે.
- નાણાકીય સહાયની મંજૂરી Geisinger ની નીતિ માર્ગદર્શિકા દ્વારા નક્કી કરવામાં આવે છે, જે આ બ્રોશરમાં સમજાવાયેલ છે.
- જો તમારું બેલેન્સ $200.01 અથવા વધુ હોય તો પુનઃચુકવણી યોજનાઓ ઉપલબ્ધ છે.
- જો તમે નાણાકીય સહાય માટે લાયક નથી પરંતુ તમને લાગે છે કે તમારી પાસે વિશેષ સંજોગો છે, તો તમે Geisinger નાણાકીય સલાહકાર દ્વારા કેસની સમીક્ષાની વિનંતી કરી શકો છો.
- તબીબી સહાય, Medicare ડિસેબિલિટી અથવા અન્ય ફેડરલ અથવા રાજ્ય કાર્યક્રમો જેવા તમારા માટે ઉપલબ્ધ હોઈ શકે તેવા અન્ય ભંડોળ સ્રોતો માટે અરજી કરવા માટે જરૂરી તમામ માહિતી તમારે અમને પૂરી પાડવી આવશ્યક છે.
- તમે તમારી આરોગ્યસંભાળ માટે નાણાકીય રીતે જવાબદાર છો અને નાણાકીય સહાય માટે અરજી કરી રહ્યા છો. Geisinger અરજી કરવા માટેની સામગ્રી સરળતાથી ઉપલબ્ધ કરાવશે. અરજીની વિનંતી કરવા માટે, geisinger.orgની મુલાકાત લો અથવા **800-640-4206** પર કૉલ કરો.

## શું તમે નાણાકીય સહાય માટે લાયક છો?

નાણાકીય સહાય માટેની પાત્રતા ફેડરલ સરકારની ગરીબી માર્ગદર્શિકા પર આધારિત છે, જે વાર્ષિક ધોરણે અપડેટ કરવામાં આવે છે.

- જો તમારી ઘરની આવક વર્તમાન ફેડરલ ગરીબી માર્ગદર્શિકાના 300% અથવા તેનાથી ઓછી હોય તો તમે સહાય માટે લાયક ઠરી શકો છો.
- તમારા ઘરના સભ્યની સંખ્યા અને આવક ફેડરલ ગરીબી સ્તરના 300% કરતાં ઓછી છે કે કેમ તે નક્કી કરવા માટે નીચે આપેલ ગ્રાફિકનો ઉપયોગ કરો.

| ઘરના સભ્યની સંખ્યા | ફેડરલ ગરીબી સ્તરના 300% |
|---|---|
| 1 | $ 43,740 |
| 2 | $ 59,160 |
| 3 | $ 74,580 |
| 4 | $ 90,000 |
| 5 | $ 105,420 |
| 6 | $ 120,840 |
| 7 | $ 136,260 |
| 8 | $ 151,680 |
| વધારાના દરેક વ્યક્તિ માટે, આટલા ઉમેરો | $ 15,420 |

- અંતિમ નિર્ધારણ આવકના મૂલ્યાંકન, અરજી પર પૂરી પાડવામાં આવેલી માહિતી અને દર્દીની જવાબદારીની તુલનામાં અસ્ક્યામતો પર આધારિત છે. જો તમને Geisingerના નાણાકીય સહાય કાર્યક્રમ (Geisinger's Financial Assistance Program) હેઠળ મદદ મેળવવા પાત્ર વ્યક્તિ માનવામાં આવે, તો તમને તબીબી સારવાર માટે જરૂરી શુલ્ક પર 100% ડિસ્કાઉન્ટ મળશે.

### બાકાત

Geisinger નો નાણાકીય સહાય કાર્યક્રમ મોટાભાગની સેવાઓને આવરી લે છે, તેમ છતાં નીચેના જેવી કેટલીક સેવાઓ બાકાત છે, પરંતુ તે સુધી મર્યાદિત નથી:

- કોસ્મેટિક સેવાઓ
- વૈકલ્પિક પ્રજનન સેવાઓ
- પ્રત્યારોપણ-સંબંધિત સેવાઓ
- બેરિયાટ્રિક-સંબંધિત સેવાઓ
- દાંતની નિયમિત સંભાળ અથવા દાંતનું સૌંદર્યલક્ષી પુનર્નિર્માણ
- Geisinger ના નેટવર્કમાં સમાવેશ ન કરવામાં આવતી વીમા યોજનાઓના પરિણામે કુલ ગણતરીમાં આવરી લેવાતા વધારાના ખર્ચ-

નાણાકીય સલાહકાર સાથે વાત કરવા માટે, **800-640-4206** પર કૉલ કરો-

